

## પ્રલય

આજનો મનુષ્ય ભૂલ્યો ધર્મ
લોભમાં, સ્વાર્થમાં રહયો મગ્ન
ધરતી માતને લાગ્યું અસહય
વિશાળ સાગર બન્યો ઉગ્ર
અણુ શાસ્ત્રનું સંશોધન થયુ
કુદરત રોશમાં આવી ગયુ
આભે ગાજે વાદળો અથડાતાં
ધરતી પર વિજળી ચમકાવતાં
ભૂર્ગભ ફાટી ભૂકંપ થયો
સરિતા ઉભરાઈ પ્રલય થયો
જાગ મનુષ્ય અતિશય થયું
કુદરત ભાનમાં લાવી રહયું

## પરદેશ આવ્યા જી રે

પૂરવ પ્રદેશ છોડીને અમે પશ્ચિમ પરદેશે આવ્યા જી રે.
ડોલરીયો દેશ અને કોલરીયો વેશ ધરી શું ફાવ્યા જી રે
આ જન્મારે જીંદગી જાણવી તી
લખમીની જ માનતા માનવી તી
સુખ સાહ્યબી બધી પામવી તી
મુકિતની મોજ મજા માણવી તી
માન મરતબો મુકી માલ મિલકતોની મંડી માંડી જી રે
વડીલ વસ્તાર મુકી દુ:ખી એકલતાની આંધી આણી જી રે
ઓટલે હવે ફળિયં નહી મળતું
બોટલે મનડું બહેરું થઈ મરતું
પાટલે પાકું ભોજન નહી ફળતું
ખાટલે દિલડું ખાલી રે ડરતું
મુખે રામ બગલે છુરી ના છડેચોકના છળે છેતરાયા જી રે
સોરીના ચાર્મને ગોરી ચામના ચેનચાળે ચકરાયા જી રે
વાહન વેપાર અને મકાન મોટા
જીવન વ્યવહાર ને હિસાબ ખોટા
કુદરતે અબ્ધિ ઉધાનના ન તોટા
કૃત્રિમ ફળ ફુલને ચાહતે ફોટા
ડિવાઈન સંસ્કાર તજી વાઈન સંસાર મહીં અટવાયા જી રે
મુકત દિમાગી દેશ અંગરેજી દેહ ગુલામ થઈ સપડાયા જી રે
ટાણે કટાણે નહી કોઈ હજુર
આવક મોટી તોયે જાતે મજુર
વર્ણ સંકર પ્રજા લાગ અસુર
જીવન વીણા આજ વાગે બેસુર
પુરવ પ્રદેશ છોડીને અમે પશ્ચિમે પરદેશ આવ્યા જી રે
ડોલરીયો દેશ અમે કોલરીયો વેશ ધરી નહી ફાવ્યા જી રે.
અરે માનસ માંદગી માંગી લીધી
ખરે દિલમાં દીનતા લાવી દીધી
ફરે દુ:ખિયા એ દુનિયા દેખી બધી
ઘરે જેલ શી જીંદગી જીવી લીધી



## શરીર સ્વાસ્થ્યના ઉખાણા






ઉનાળે કેરીને આમળા ભલા
શિયાળે સુંઠ અને તલ ભલા,
ચોમાસે અજમો, લસણ ભલા
પણ બારે માસ ત્રિફલા ભલા.
ખાય જે બાજરીના રોટલા અને મૂળા ના પાન,
શાકાહારને લીધે, તે ઘરડા પણ થાય જવાન
રોટલા, કઠોળ અને ભાજી, તે ખાનારની તબીયત તાજી,
મૂળો, મોગરી, ગાજર ને બોર, જે ખાય રાતે તે રહે ન રાજી.
હિંગ, મરચું અને આમલી, સોપારી અને તેલ,
શોખ હોય તો પણ, સ્વાસ્થ્ય માટે પાંચે વસ્તુ મેલ.
આદુ રસ ને મધ મેળવી, ચાટે જો પરમ ચતુર,
શ્વાસ, શરદી અને વેદના, ભાગે તેના જરૂર
ખાંડ, મીઠું અને સોડા, એ ત્રણ સફેદ ઝેર કહેવાય,
નિત ખાવા-પીવામાં એ વિવેકબુદ્ધિથી જ વપરાય.
ફણગાવેલા કઠોળ જે ખાય, તે લાંબો, પોહળો અને તગડો થાય
દૂધ સાકર, એલચી, વરીયાળી અને દ્રાક્ષ એ ગાનારા સૌ ખાય





લીંબુ કહે: હું ગોળ ગોળ,
ભલે રસ છે મારો ખાટો,
સેવન કરો જો મારૂં તો,
પિત ને મારૂં હું લાતો.
ચણો કહે: હું ખરબચડો,
પીળો પીળો રંગ જણાય,
ચણા દાળ ને ગોળ જે ખાય, તે ઘોડા જેવો થાય.
મગ કહે: હું લીલો દાણો અને મારે માથે ચાંદુ,
જો બે ચાર મહીના ખાય તો માણસ ઉઠાડું માંદુ.
કારેલું કહે: કડવો કડવો હું અને મારે માથે ચોટલી,
રસ જો પીએ મારો, ડાયાબીટીસની બાંધુ ચોટલી.
આમલી કહે: મારામાં ગુણ એક જ, પણ અવગુણ છે પુરા ત્રીસ
લીંબુ કહે: મારામાં અવગુણ એક નહીં, પણ ગુણ છે પુરા વીસ
ઉનાળો જોગીનો, શિયાળો ભોગીનો ને ચોમાસુ રોગીનું,
શાકાહારી જે જન રહે, દર્દ નામ કદી ન લે એ જોગીનું

## હોમપેજ



સાયબર સફરે મુસાફર કરે માઉસ પર સવારી
ઈન્ટરનેટ કેરે મેળાવડે ભટકે ગોતવાને ગિરધારી
વિરાટની વિન્ડો મહી ઝંપલાવી સોનેરી સર્ચ આદરી
વિષથી વિજ્ઞાપનો વળગી સઘળી સર્ફમાં પાધરી
વર્લ્ડ વાઈડ વેબની મુલાકાતે મંદિર કતારો કાતરી
ટુલબારે પારાયણના બેનર્સ, પ્રસાદે કૂપન કાપલી
કમનીય કૂકીસના રૂપે જાણે માયાવી જાળ પાથરી
વેબપેજે અવરોધે અહંકારી ફાયરવોલ આકરી
"યુ હેવ ગોટ મેઈલ" કેરી આકાશવાણી ત્યાં સાંભળી
લોગ ઓન "ગોકુલ અને પાસવર્ડ" ગોપીની ખાતરી
વેબસાઈટે આવકારવા ઉભી રાધા લઈને વાંસળી
મિડિયા પ્લેયરે ગુંજાવે હરે ક્રિષ્ણા મંત્ર માધુરી
કરૂપા ડાઉનલોડ કરવા છે જરૂરી માનવતા મેમરી
વાસનાના વાયરસ મહીં દીધી વેડફી કાં બેટરી ?
હાર્ડ ડ્રાઈવમાં ભરી લો પ્રેમ અને સેવા-ચાકરી
હોમ પેજ બનીશ દિલ ને એલર્ટ મોકલે મોરારી

## નવા યુગનો ચેલો છું

હું ભાઈ નવા યુગનો ચેલો છું
પવન પ્રમાણે શઢ ફેરવી,
લાભ મળે ત્યાં લોટું છું-ભાઈ નવા યુગનો...
ભવ્ય આશ્રમ નજરે પડતાં
તુરત જ ડેરા ડાલું છું
ગુરૂની પાસે કંઠી બંધાવી
મોબાઈલ લઈ મહાલું છું-ભાઈ નવા યુગનો...
જેની હાકો વાગે સરકારમાં
એ નેતાને પીંછાણું છું
ગુણલા ગાઈ પ્રચાર માધ્યમે
વિમાન યાત્રાએ શોભું છું-ભાઈ નવા યુગનો...
છપ્પન ભોગના થાળ દેખીને
દંડવતે ભગવંત શરણું શોધું છું
ભજન ધૂનો ગાઈ માઈકમાં
ચોટલી બાંધી નાચું છું-ભાઈ નવા યુગનો...
એડમીશન ટાણે શાળામાં જઈ
મુખ્ય શિક્ષકને વધાવું છું
ટ્રસ્ટી સાહેબના ભોળા સાળાને
લાડ કરી રીઝાવું છું-ભાઈ નવા યુગનો...
મેવા માટે કરવી સેવા
એ ગુરૂ મંત્ર, ઘરવાળીએ દિધો છે
પવન પ્રમાણે શઢ ફેરવી
લાળ મળે ત્યાં લોટું છું
હું ભાઈ નવા યુગનો ચેલો છું.

## કોઈ સ્મિતે સ્મિતે સળગે છે



કોઈ સ્મિતે સ્મિતે સળગે છે
કોઈ રડીને દિલ બહેલાવે છે
કોઈ ટીપે ટીપે તરસે છે
કોઈ જામ નવા છલકાવે છે
સંજોગના પાલવમાં છે બધું
દરિયાને ઠપકો ના આપો
એક તરતો માણસ ડૂબે છે
એક લાશ તરીને આવે છે.
















Kindly send in your articles, contributions & achievements alongwith photographs to studentssamachar77@gmail.com or contact 7698019100 for any queries or to place your advertisement in Student Samachar

Publisher and Printer:Bakulesh Ramchandra Gupta on behalf of owner, BRG Education Institute. Printed at Bhaskar Printing Press, Plot No.805, Near Chhani Toll Naka, Vadodara-391 740 and published from "Sargam House", 4/8, Govardhan Appt., Nr.Utkarsh Petrol Pump, Karelibaug, Vadodara, Editor : Radhika R. Nair.
MD : Sargam Gupta, Director : Abhilasha Agrawal, Executive Editor : Dr. Nebu George, Associate Editors : Pinal Desai, Sharat Mathur, Sugandha Vaidya, Ragi Amit Patel, Krunal Dalal, Chirag Mehta